(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર-કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ-અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

ફી જાહેરનામું

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ

નવા સચિવાલય, ગાંધીનગર

નં. જીએસઆરડીસી/ભરૂચ-દહેજ /ટોલ/૧૬૬૭/૨૦૧૫/ખાનગીકરણ

ઇ ફાઇલ નં. જીએસઆરડીસી/ફી -ઇફાઇલ/૨૧૧૩/૨૦૨૩/૦૦૨૨/એચઓડી

તા. ૨૮/03/૨૦૨૫

સરકારી આદેશ:

ગુજરાત સરકારે મુંબઈ મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૯૪ના સુધારો કરેલ છે જે નવા બંધાયેલા કે મજબુતીકરણ કરેલ/ પહોળા કરેલ રસ્તાઓ અને પુલો ઉપર ટોલ લેવા અધિકાર આપે છે.

1. જી.આઈ.ડી. એકટની જોગવાઈઓને અનુસરતાં, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) એ તેમના ધ્વારા ઓળખી કઢાયેલ સ્ટેટ હાઈવે રસ્તા નંબર એસ.એચ.૬ના મજબુતીકરણ અને છમાર્ગીયકરણનો નિર્ધાર કરેલ.

2. જી.એસ.આર.ડી.સી. એ ભરૂચ-દહેજ રસ્તો (એસ.એચ.૬) કિ.મી. ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦ને પહોળો તથા મજબુત કરેલ છે (પરિયોજના).

3. ગુજરાત સરકાર/જી.એસ.આર.ડી.સી. પ્રવર્તમાન કાયદાઓની જોગવાઈઓને અનુસરતાં અને વિવેકબુધ્ધીને આધીન તેમના ધ્વારા નકકી કરવામાં આવે તે પ્રમાણે (ટોલ) કર નિયત કરવો, તેની વસુલાત કરવી, ભેગી કરવી, પોતાની પાસે રાખવી અને તેનો યોગ્ય ઉપયોગ કરવો કે આ માટે કોઈક વ્યકિત ("એજન્સી") ને ફી ઉઘરાવવી, માંગવી, ભેગી કરવી, પોતાની પાસે રાખવી અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે નિમણૂંક કરી શકે છે.

4. સરકાર ધ્વારા મળેલ હકકની રૂએ હકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજુર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે જી.એસ.આર.ડી.સી. અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જની યાદીના ખાના નંબર- ૨માં જણાવેલ વાહનોની અને આવા વાહનોની ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૪માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે, પોતાની પાસે રાખી તેની વિનિયોગ કરશે.

કોષ્ટક નં.૧ માં પ્રત્યેક ટોલપ્લાઝાના સ્થળે આવરી લેવાયેલ સળંગ વિસ્તારની લંબાઈ દર્શાવેલ છે.

| અનુભાગનું નામ | ટોલપ્લાઝા સ્થળ | આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કિ.મી.) | કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| ભરૂચ-દહેજ રોડ (એસ.એચ.૬) | ૨૨૭/૫૦૦ | ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦ | ૪૮.૨૦ |

## દરની અનુસુચિ

ગુજરાત રાજ્ય ધોરીમાર્ગ નં. ૬ના ૨૦૦/૦૦ કિ.મી. થી ૨૪૮/૨૦૦ કિ.મી.નો ઉપયોગ કરનારા પાસેથી વસૂલ કરવાની પાયાની ફી ના તા.૦૧/૦૪/૨૦૨૫ થી લાગુ પાડવાપાત્ર દર.

ટોલપ્લાઝા ખાતે વિભાગ/ગો શરૂ થતાં હોય ત્યારથી વાણિજિયક ધોરણે ચાલુ થાય તે તારીખથી ફી વસૂલ કરવામાં આવશે.

| અ.નં. | વાહનોનો પ્રકાર | બેઝ (પાયા) ટોલ દર/ ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર) તા.૦૧/૦૪/૨૦૨૫ થી કિ.મી. દીઠ રૂપિયામાં) | ખરેખર ઉપયોગકર્તા ફી પ્રતિ ટ્રીપ પ્રતિ વાહન તા. ૦૧/૦૪/૨૦૨૫ થી ભરૂચ-દહેજ રોડ (કિ.મી. ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦) |
|---|---|---|---|
| 1 | ૨ એકસેલ ટ્રક | ૪.૭૫૧ | ૨૪૦ |
| 2 | ૩ એકસેલ ટ્રક | ૫.૧૪૭ | ૨૬૦ |
| 3 | હેવી કન્સ્ટ્રકશન મશીનરી અથવા અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ અથવા મલ્ટી એકસેલ વ્હીકલ (૪ થી ૬ એકસેલ) | ૭.૯૧૯ | ૪૦૦ |
| 4 | ઓવર સાઈઝડ વ્હીકલ (૭ કે વધારે એકસેલ) | ૯.૫૦૩ | ૪૮૦ |

આ ફી, રસ્તાનો ઉપયોગ કરતાં અને ટોલપ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા. **૦૧/૦૪/૨૦૨૫ના રોજ ૦૮.૦૦** કલાકની અસરથી આગળની સુચના મળે ત્યાં સુધી લેવામાં આવશે.

**વ્યાખ્યાઓ**: આ જાહેરનામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય,

i. "વાસ્તવિક ફી" એટલે પ્રાયોજના-ધોરીમાર્ગનો દરેક વિભાગ અથવા તેનો કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી, જયાં લાગુ પડે ત્યાં ભરૂચ-દહેજ અને આ જાહેરનામાની યાદીમાં દરેક વિભાગ માટે આપેલ પાયાની ફી લાગુ પાડવાપાત્ર છે.

ii. "સત્તા" આ જાહરેનામાનો હેતુ પુરતો ત્યાં જી.એસ.આર.ડી.સી.

iii. "અધિકૃત વ્યકિત" ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. ધ્વારા નિમણૂક કરવામાં આવેલ વ્યકિત, સંસ્થા કે ટોલીંગ ઈજારદાર કે જે રસ્તાનો ઉપયોગકર્તા વાહનો પાસેથી ટોલ ઉઘરાવવા માટે અને ટોલની રકમ જી.એસ.આર.ડી.સી. સાથે નકકી થયા મુજબ વહેંચવા માટે અધિકૃત કરવામાં આવ્યા હોય.

iv. "કાર્યપાલક સત્તા" એટલે ગુજરાત સરકાર કે જી.એસ.આર.ડી.સી. ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સત્તાધિકારી

v. "વાણિજિયક વર્ષ" એટલે કે જે તે વર્ષના ૧લી એપ્રિલથી શરૂ થતું અને તે પછીના વર્ષની ૩૧મી  પુરુ થતુ વર્ષ.

vi. "ફી નોટીફીકેશન" એટલે ફી વસુલાત સુચવતો રાજય સરકારનો હુકમ.

vii. "એકંદર વાહન વજન" અથવા "જીવીડબલ્યુ" એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન

viii. "સરકાર" એટલે ગુજરાત સરકાર

ix. "હેવી કન્સ્ટ્રકશન મશીનરી કે અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ કે મલ્ટી એકસલ વ્હીકલ" એટલે ભારે બાંધકામ મશીનરી કે માટી લઈ જતા સાધનો કે યાંત્રિક વાહનો કે માલવાહક વાહનો કે જેમાં ૪ થી ૬ એકસલ ધરાવતાં વાહનોનો સમાવેશ થાય છે અને જેમનું કુલ એકંદર વજન ૨૦,૦૦૦ કિ.ગ્રા. થી વધારે પરંતુ ૬૦,૦૦૦ કિ.ગ્રા. થી ઓછુ હોય.

x. "લેન" એટલે કેરેજ વેનો ભાગ બનતા અને ૩ મીટર અને ૫૦ સેન્ટીમીટર જેટલી પહોળાઈ ધરાવતી બાજુ

xi. "સ્થાનિક વાણિજિયક ટ્રાફિક" એટલે વાણિજિયક વપરાશ માટે વાહનની માલિકી ધરાવતા હોય અને રસ્તાનો ઉપયોગકર્તા હોય, પરંતુ અહી શરત એ રહેશે કે (અ) આ વાહન ભરૂચ જિલ્લામાં રહેતા હોય તેવા વ્યકિતની માલિકીનું રહેશે. (બ) સદર વાહન ભરૂચ જિલ્લાની સ્થાનિક આર.ટી.ઓ. ઓફીસમાં મુળ રીતે જ જી.જે. ૧૬ સ્થાનિક પાસીંગથી રજીસ્ટર્ડ હોવું જોઈએ.

xii. "મીકેનીકલ વેહીકલ" એટલે સ્વયં ઉર્જાથી સંચાલિત યાંત્રિક વાહન કે જે મોટર વેહિકલ એકટ ૧૯૮૮ માં વ્યાખ્યાયિત છે તે પ્રમાણે.

xiii. "મલ્ટી એકસલ વ્હીકલ કે ભારે ટ્રક (૪ એકસલ થી ૬ એકસલ)" એટલે એવું કોઈપણ માલવાહક વાહન, જે ૨૦,૦૦૦ (વીસ હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ હેઠળ રજીસ્ટ્રર્ડ હોય

xiv. "ઓવર સાઈઝડ વ્હીકલ" એટલે એવુ યાંત્રિક વાહન કે ભાર વાહક વાહન કે જેના એકસલ ૭ કરતાં વધારે છે અને જેનું એકંદર વજન ૬૦,૦૦૦ કિ.ગ્રા. કરતાં વધારે છે તેવું વાહન.

xv. "પ્રોજેકટ હાઈવે" અથવા " હાઈવે" એટલે કોઈપણ રોડ કે બાયપાસ જે ઉકત કરારની બાંધવામાં આવેલ હોય અને જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતું હોય.

xvi. "રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ" અથવા "આરઓબી/આરયુબી" એટલે રેલવેના પાટાની ઉપરથી કે નીચેથી પસાર થતાં રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ કે જે ઉકત કરારની જોગવાઈ હેઠળ બાંધવામાં આવેલ હોય, જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતુ હોય.

xvii. "આરએન્ડબી, ગુજરાત રાજય" એટલે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય અથવા તેના ગુજરાત રાજય ધ્વારા અધિકૃત કરેલ ઓફીસર.

xviii. "જી.એસ.આર.ડી.સી." ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. અથવા તેના અધિકૃત કરેલ ઓફીસર.

xix. "રાજય" એટલે ગુજરાત રાજય.

xx. "સ્ટેટ હાઈવે" એટલે રાજયના અધિકાર ક્ષેત્રમાં આવતાં હોય તેવા રાજય માર્ગ, જીલ્લા માર્ગ કે અન્ય જીલ્લા માર્ગ.

xxi. "ટ્રક (ર-એકસલ/૩ -એકસલ)" એટલે એવું કોઈપણ માલવાહક વાહન, જે ૧૨૫૦૦ (બાર હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે અને ૨૦,૦૦૦ થી ઓછું એકંદર વાહન વજન ધરાવતું મોટર વ્હિકલ એકટ ૧૯૮૮ હેઠળ રજીસ્ટર્ડ હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે.

xxii. "ટોલ" એટલે પ્રોજેકટ હાઈવે, બાયપાસ, પુલ અથવા રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજના ઉપભોકતાઓ ધ્વારા આ નિયમ હેઠળ ચુકવવામાં આવતો પ્રતિ કિ.મી. ટોલ ચાર્જ.

xxiii. "ટોલપ્લાઝા" એટલે ટોલ ફી એકઠી કરવા માટે બનાવવામાં આવેલ કોઈપણ બિલ્ડીંગ, માળખું કે બુથ.

5. ફી ની વસુલાત

1. રાજય સરકાર જાહેરનામુ બહાર પાડીને આ નિયમો અનુસાર પરિયોજના ધોરીમાર્ગ કાયમી પુલ, બાયપાસ કે બોગદ્ જે પરિયોજનાના ભાગ હોય કે કોઈપણ ભાગ માટે ફી લઈ શકાશે, શરત કે રાજય સરકાર જાહેરનામાથી સરકારી હુકમથી પરિયોજનાના માર્ગના કોઈ પ્રભાગ કાયમી, બાયપાસ, બોગદાને જાહેર નિયમોથી બનાવેલ હોય તેને તે સરકારી હુકમની શરતોએ મુકિત આપી શકાશે.
2. દ્વિચક્રી, ત્રિચક્રી વાહનો ટ્રેલર સાથેના વાહનો ટ્રેલર સાથેના અથવા વિનાના કૃષિ ટ્રેકટરો અને પશુચાલિત વાહનો પાસેથી પરિયોજના ધોરીમાર્ગના વપરાશ માટે કોઈ ફી લેવાની રહેશે નહી.
3. વધુમાં, સ્થાનિક ટ્રાફિક કે સ્થાનિક વાણિજય ટ્રાફિક કે જે ઉકત રાજય ધોરીમાર્ગના એ ભાગનો ઉપયોગ કરતો હોય તો, તેમની પાસેથી રાજયના ધોરીમાર્ગના વપરાશ માટે કોઈ ફી લેવાની રહેશે નહી.
4. આ નિયમો હેઠળ રાજય સરકારે નિર્દિષ્ટ કરેલી ફીને સૌથી નજીકના, ૫ના ગુણાંક સુધી પુરે આંકડે કરીને વસુલ કરવાની રહેશે.

6. મુકિત આપેલ વાહનો

1. આ જાહેરનામું/સરકારી હુકમમાં જણાવ્યા પ્રમાણેના વાહનોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે.

નીચે પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને ટોલ ઉઘરાવનારે તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી-VIPનું ચિહ્ન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપ રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્યમંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિધાનસભાના ક્ષોત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજયસભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષાના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી-CD- પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો કે જે સરકારશ્રીના વાહનો